# જીવનમાં અતિ ઘમંડ ક્યારેક અનર્થ સર્જે છે

**આચમન**
**બિપિન પટેલ**

અહંકાર, અભિમાન, ઘમંડ તો માનવીનો શત્રુ છે, જે માનવજીવનને છિન્નભિન્ન કરી નાંખે છે. છતાં અહંકાર કે ઘમંડનું સામ્રાજ્ય વિસ્તરતું જ રહે છે અને માનવીને અહંકારના નશામાં ડૂબવાનું ગમતું જ રહે છે. વ્યક્તિ જ્યારે કોઇ પદ, પ્રતિષ્ઠા પામે છે ત્યારે તેનો ઘમંડ વધી જાય છે અને ઘમંડના એ નશામાં તે બીજાનું સન્માન કરવાનું પણ ભૂલી જાય છે અને તે પોતાના અંગત સંબંધીઓની પણ ઉપેક્ષા કરે છે. ઘમંડી વ્યક્તિ પોતાને બીજા કરતાં કંઈક વધુ શ્રેષ્ઠ માને છે અને એ જ ઘમંડ તેને તેના વિનાશ તરફ દોરી જાય છે. આ પૃથ્વી પર જન્મેલાં પ્રત્યેક શરીર અંતે એક દિવસ રાખમાં પરિણમવાનાં છે એ એવું સમજવા છતાં પણ વ્યક્તિ ઘમંડના નશામાં પોતે અમર હોય તેમ જ પૃથ્વીની અદ્ધર ચાલીને છેવટે તો તે પોતાના અહિત-અકલ્યાણને જ આમંત્રણ આપે છે. દક્ષ પ્રજાપતિના ઉદાહરણમાં એવું જ બન્યું. શ્રી રામચરિતમાનસમાં બાલકાંડનો એ માર્મિક પ્રસંગ જીવને સાવધાન કરે છે કે... હે જીવ! તને મળેલી પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠા એ તો પરમાત્માની ભેટ છે. જો તું પ્રભુતા-પ્રસિદ્ધિ પામીને છકી જશે તો તારી દશા પણ પેલા દક્ષ પ્રજાપતિ જેવી થઇ શકે છે.

કહેવાયું છે કે જગતમાં એવો કોણ જન્મ્યો છે કે જેને પ્રભુતા પ્રાપ્ત થયા બાદ મદનો નશો ન ચઢ્યો હોય? તુલસીદાસજી કહે છે ‘નહિ કોઉ અસ જન્મા જગ માહીં, પ્રભુતા પાઈ જાહિ મહ નાહીં...’ દક્ષ પ્રજાપતિ પણ પ્રભુતા પામીને અદ્ધર ચાલવા લાગ્યા. બન્યું એવું કે બ્રહ્માજીએ દક્ષને પ્રજાપતિઓના નાયક બનાવ્યા. પોતાને મળેલા એ મહાન અધિકારને દક્ષ પ્રજાપતિ પચાવી ન શક્યા. તેથી તે ભારે ઘમંડી બની ગયા. ઘમંડી એટલા બની ગયા કે પોતાના જ હિત અને કલ્યાણનું પણ ભાન ગુમાવી બેઠા. મહાદેવ પ્રત્યે તેમને ભારે અણગમો હતો. જો કે બ્રહ્માજીના આગ્રહથી તેમણે પોતાની પુત્રી સતીના લગ્ન તેમની સાથે કર્યા હતા પરંતુ  શિવજીથી તેઓ નારાજ હતા.



હવે બ્રહ્માજીએ તેમને પ્રજાપતિઓના નાયક બનાવ્યા. દક્ષમાંથી દક્ષપ્રજાપતિ બનાવ્યા. તેના આનંદમાં તેમણે એક મહાયજ્ઞનું આયોજન કર્યું. તેમણે મંત્રી, મુનિઓ, દેવતાઓ, ગંધર્વો, કિન્નરો, સિદ્ધો સૌને નિમંત્રણ આપ્યું પરંતુ શિવજી પ્રત્યે અણગમો હોવાથી તેમને અપમાનિત કરવા માટે એકલા તેમને જ આમંત્રણ ન આપ્યું. પિતાને ત્યાં મહાયજ્ઞનું આયોજન થઈ રહ્યું છે એ જાણીને સતીજી તે યજ્ઞમાં જવા તૈયાર થયાં. મહાદેવે તેમને ખૂબ સમજાવ્યા. તેમણે કહ્યું પણ ખરું કે કેવળ મારું અપમાન કરવા ખાતર જ આપણને નિમંત્રણ નથી આપ્યું. જ્યાં આપણું અપમાન થતું હોય ત્યાં વગર નિમંત્રણે જવામાં સાર નથી. તમે ત્યાં જશો તો તમને કેવળ અપમાન જ મળશે. તેમ છતાં મહાદેવના શબ્દોથી અવગણના કરીને સતીજી પહોંચ્યાં તો ખરાં પિતાને ત્યાં; પરંતુ શિવજીએ કહ્યું હતું તેવું જ તેમણે અનુભવ્યું. ઘમંડી પિતાએ ન તો તેમને આવકાર આપ્યો કે ન તો તેમની કુશળતા પૂછી. સતીની ઉપેક્ષા કરતાં તેણે મુખ ફેરવી લીધું! પ્રભુતાના મદમાં અંધ બનેલા દક્ષે કહ્યું, ‘‘તારા ત્રિનેત્રી પતિમાં એવા તે કયા વિશેષ ગુણો છે કે જેથી તે સન્માનને પાત્ર બને? તે મારા અન્ય જમાઈઓની સરખામણી કરી શકે તેમ નથી.’’ પ્રભુતાના નશામાં અંધ બનેલા દક્ષ પિતા-પુત્રીના સંબંધને પણ ભૂલી ગયા.  પોતાનું એ અપમાન તો સતીજી ભૂલી ગયાં હોત પરંતુ તેમણે જોયું કે યજ્ઞશાળામાં ન તો શિવજીનું કોઈ સ્થાન હતું કે ન કોઈ ભાગ હતો. ત્યારે તેઓ વ્યાકુળ થઇ ઊઠ્યાં! બ્રહ્માજી કે ઈન્દ્ર આવ્યા ન હતા છતાં તેમના સ્થાન સુરક્ષિત હતાં. કેવળ શિવજીનું સ્થાન ક્યાંય નજરે પડતું ન હતું. પતિની ઉપેક્ષા એ તેમનું એ અપમાન સતીજી સહન ન કરી શક્યાં. એ જ ક્ષણે ઉપેક્ષિત સતીજીએ પોતાના શરીરને યોગાગ્નિમાં ભસ્મ કરી દીધું. સર્વત્ર હાહાકાર મચી ગયો. સતીજી સાથે આવેલા શિવગણો યજ્ઞનો વિધ્વંસ કરવા લાગ્યા. એ સમાચાર શિવજીને મળ્યા ત્યારે ક્રોધે ભરાઈને તેમણે

> **દક્ષ પ્રજાપતિ પણ પ્રભુતા પામીને અદ્ધર ચાલવા લાગ્યા. બન્યું એવું કે બ્રહ્માજીએ દક્ષને પ્રજાપતિઓના નાયક બનાવ્યા. પોતાને મળેલા એ મહાન અધિકારને દક્ષ પ્રજાપતિ પચાવી ન શક્યા. તેથી તે ભારે ઘમંડી બની ગયા**

પોતાની જટામાંથી પ્રકટેલા વીરભદ્રને મોકલ્યો. તેમણે ત્યાં જઈને યજ્ઞનો ધ્વંસ કર્યો. શિવપુરાણમાં વર્ણવ્યા અનુસાર ક્રોધિત વીરભદ્રે દક્ષપ્રજાપતિને મૃત્યુદંડ આપ્યો હતો. અતિ અહંકાર જીવનમાં ક્યારેક અનર્થ સર્જે છે.

---

# મુશ્કેલીઓ આશીર્વાદરૂપ બની શકે

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

જીવનમાં ચઢાવ-ઉતાર એ સનાતન ક્રમ છે. પ્રકૃતિ પણ પાનખર અને વસંતના ક્રમથી વંચિત નથી જીવન સરળ, સફળ અને સુખદાયક હોય એવું કાયમ માટે ન પણ બને. ક્યારેક મુશ્કેલીઓના વંટોળ, ચક્રવાત આવે ત્યારે ડગી જવાય પણ એવી સ્થિતિમાં સમતુલન કેળવે તો એ સમયમાંથી નીકળી શકાય. ભારે પવન ફૂંકાતો હોય ત્યારે વૃક્ષો-છોડ નમી જતાં હોય છે. પવન શાંત પડતાં એ ફરી ઊભાં થઈ જાય છે.

જીવનમાં કાયમ આપણું ધાર્યું જ થાય એવું નથી હોતું. દુઃખ કે તકલીફ ન આવે તો સુખની કિંમત સમજાતી નથી. ઘણી વાર તકલીફ કે ગરીબાઈ જીવનની કડવી વાસ્તવિકતા શીખવી જાય છે. એ સ્થિતિ જેણે સહન કરી છે, તે સુખમાં છકી નથી જતો. ગરીબાઈ કે મુશ્કેલી સહનશીલતા શીખવે છે. સહન કરવાની શક્તિ વધારે છે. શ્રદ્ધા વધારે છે. હિંમત વધારે છે. આત્મવિશ્વાસ વધારે છે. ધીરજ પેદા કરે છે. બુધ્ધિને તીક્ષ્ણ કરે છે. દીર્ઘદૃષ્ટિ પેદા કરે છે માટે ગરીબાઈ કે મુશ્કેલીને શ્રાપરૂપ ન ગણતાં માનવીય સંઘર્ષ કેળવવા આશીર્વાદરૂપ માનવું જોઈએ.

આ માત્ર ડાહ્યી-ડાહ્યી વાતો જ નથી, અનુભવોનો નિચોડ છે. નસીબનો જ વાંક કાઢીને બેસી રહેનાર પ્રગતિ કરી શકતો નથી. કપરા સંજોગોમાં પણ પુરુષાર્થ નસીબને પલટાવી શકે છે.

ઉત્તર પ્રદેશનો એક યુવક ભારે ગરીબાઈમાં ઉછરેલો, જે કોઈ કામ શોધવા વિના ટિકિટ રેલવેમાં બેસી મુશ્કેલીઓ વેઠતો વડોદરા આવે છે. પાસે પૈસા નથી. કોઈ ખવડાવે તો ખાઈ લે છે. કામ શોધવા



શહેરની દુકાનોમાં ભટકે છે ત્યાં એક કંદોઈની દુકાને જઈ ચઢે છે. કંદોઈને માણસની જરૂર છે. છોકરો મહેનતુ લાગતાં એ મીઠાઈવાળો કંદોઈ એને રાખી લે છે. કામ આવડતું ન હોવાથી વાસણો સાફ કરવાં, કચરો વાળવો વગેરે કામ આપે છે. નજીવા પગારથી કામ કરે છે. વખત જતાં એ મીઠાઈ બનાવવાનું શીખી લે છે. શેઠ એને મીઠાઈ બનાવવાનું કામ સોંપે છે. શેઠ પગાર પણ વધારે છે.

થોડાં વર્ષમાં એ યુવક આ ધંધાની મહારત જાણી લે છે અને પોતાની એક નાની દુકાન શરૂ કરે છે. સમય જતાં એનો ધંધો જામી જાય છે અને પછી બીજી, ત્રીજી, ચોથી એમ દુકાનો શહેરના જુદા જુદા

> **જીવન સરળ, સફળ અને સુખદાયક હોય એવું કાયમ માટે ન પણ બને. ક્યારેક મુશ્કેલીઓના વંટોળ, ચક્રવાત આવે ત્યારે ડગી જવાય પણ એવી સ્થિતિમાં સમતુલન કેળવે તો એ સમયમાંથી નીકળી શકાય**

વિસ્તારમાં ખોલી માણસોને બેસાડે છે. આજે એનો ધંધો પૂરબહારમાં ચાલે છે અને મોટો શેઠિયો બની ગયો છે. સંજોગોથી નાસીપાસ ન થતાં પુરુષાર્થ કરી નસીબને બદલી શકનાર આ યુવક માટે મુશ્કેલીઓ પણ આશીર્વાદરૂપ બની તેનો સરસ દાખલો છે.

---



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૯ જાન્યુઆરી ૨૦૨૬થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૬

### તા. ૧૯ સોમવાર
મહા સુદ એકમ બેસતો મહિનો ઇષ્ટિ

### તા. ૨૦ મંગળવાર
મહા સુદ બીજ-:ચંદ્રદર્શન, પંચક રાતે 1-34થી,ધર્મનાથ બીજ(જૈન).

### તા. ૨૧ બુધવાર
કકકમહા સુદ ત્રીજ-:ગૌરી ત્રીજ,પંચક,ભગવાન માર્કંડેય જયંતી

### તા. ૨૨ ગુરુવાર
મહા સુદ ચોથ-:પંચક, વરદ ચોથ,વિનાયક ચોથ, તિલકુંદ ચોથ, ગણેશ ચોથ, બડા ગણેશ જયંતી-વારાણસી

### તા. ૨૩ શુક્રવાર
મહા સુદ પાંચમ :પંચક,વસંત પંચમી,સરસ્વતી પૂજન, શિક્ષાપત્રી જયંતી, સંત તુકારામ મહારાજ જયંતી, નેતાજી જયંતી, શ્યામ સુંદર પાટોત્સવ વૃંદાવન,વાગીશ્વરી જયંતી.

### તા. ૨૪ શનિવાર
મહા સુદ છઠ: પંચક.

### તા. ૨૫ રવિવાર
મહા સુદ સાતમ: પંચક રાતે 1-35 સુધી, રથ,વિધાન, ભાનુ,આરોગ્ય સપ્તમી, નર્મદા જયંતી,વિશ્વ સૂર્યનમસ્કાર દિન, માર્તંડ તીર્થયાત્રા-કશ્મીર.

